eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 333
Jul 12, 2013

## ૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે ઉધના ઝોન વિસ્તારમાં વૃક્ષારોપણની કામગીરી

સુરત મહાનગરપાલિકા કમિશનરશ્રી તરફથી ૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે ચાલુ ચોમાસા દરમ્યાન જુલાઈ માસમાં શહેરના જુદા જુદા વિસ્તારોમાં અંદાજે એક લાખ રોપાઓનું વૃક્ષારોપણ કરવા આદેશ મળેલ હતો. જે અન્વયે ઉધના ઝોનનો પાંચ હજાર રોપા ઉગાડવા માટે લક્ષાંક મળેલ હતું...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરતીઓને રવિવારે ડુમસ સમુદ્રનાં કિનારાની સફાઈ માટે તેડુ

સુરત શહેર જયારે સમગ્ર દેશમાં તેની સ્વચ્છતા માટે પ્રશંસા પામ્યું હોય ત્યારે સુરતીઓની સહેલગાહ માટેનો ડુમસનો દરિયો કિનારો પ્લાસ્ટિક અને ગંદકીથી ખદ્‌ખદ્‌તો રહે તે બાબત અત્યંત ક્ષોભજનક છે. ત્રણેક માસ પહેલા નેચર કલબ સુરત, સુડા અને સાર્વજનિક એજયુકેશન સોસાયટીના શિક્ષકો,...

વધુ માટે કલીક કરો >>>>>>

## અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૮/૦૭/૨૦૧૩ ના રોજ માધ્યમિક અને ખુલ્લા વિભાગની મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા આયોજન

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૮/૦૭/૨૦૧૩ ના રોજ માધ્યમિક અને ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધા, તા.૧૯/૦૭/૨૦૧૩ ના રોજ પ્રાથમિક વિભાગની મહેંદી સ્પર્ધાનું આયોજન સવારે ૧૦.૦૦ કલાકથી રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ, આશાપુરી માતાનો ટેકરો, રૂસ્તમપુરા, સુરત ખાતે તથા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનાં સા. વે. (અઠવા) ઝોન ના વી.બી.ડી.સી. વિભાગમાં મોન્સુન ના ભાગરૂપે મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ રોકથામ માટે "મેલેરીયા અને ડેગ્યુ/ચિકનગુનિયા" વિરોધી માસ અભિયાન અંર્તગત રાખવામાં આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી

સવિનય જણાવવાનું કે સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનમાં તા.૨૭/૦૬/૨૦૧૩ ના રોજ નવી સિવીલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલ મચ્છરની ઉત્પત્તિ અટકાયતી અંગેની સફાઈ ઝુંબેશ સંદર્ભે કેમ્પસમાં કુલ ૧૬ સ્થાને મચ્છરના ઉત્પિત્તિસ્થાનો મળી આવેલ જેના આનુસાંગીક નવી સિવીલ/મેડીકલ કોલેજના ડીનશ્રી ડો. દિક્ષીત સાહેબ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ કરવાનું આયોજન

૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો વાવી સુરત હીરયાળુ સુરત બનાવવાના હેતુસર ચાલુ ચોમાસા દરમ્યાન હાલ પ્રાથમિક તબકકે અંદાજે ૧ લાખ રોપાઓનું વૃક્ષારોપણ કરવાનું આયોજન કરેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન અખબારી યાદી

અત્રેના સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ પ્રીલી. ટી.પી.સ્કીમ નં.૨૮ (અલથાણ–ભટાર) માં ભટાર વાય જંકશન થી રસુલાબાદ ખાડી તરફ જતાં ૨૪.૦૦ મી. ના ટી.પી.રસ્તાના અસર હેઠળ આવતા રસુલાબાદ થી ઓળખાતી વસાહતમાં આવેલ અંદાજે ૧૨૫ જેટલા કાચા–પાકા–રહેણાંક મકાનો તેમજ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ કરવાનું આયોજન

૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો વાવી સુરત હીરયાળુ સુરત બનાવવાના હેતુસર ચાલુ ચોમાસા દરમ્યાન હાલ પ્રાથમિક તબકકે અંદાજે ૧ લાખ રોપાઓનું વૃક્ષારોપણ કરવાનું આયોજન કરેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા, યુસીડી વિભાગ સંચાલિત મિશન મંગલમ (અર્બન) યોજના અંતર્ગત તા.૬/૦૭/૧૩ ના રોજ 'કોમ્યુનીટી હોલ, રૂસ્તમપુરા, સુરત ખાતે મા. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના અધ્યક્ષ સ્થાને મહિલા સંમેલન

સુરત મહાનગરપાલિકા, યુસીડી વિભાગ સંચાલિત મિશન મંગલમ (અર્બન) યોજના અંતર્ગત તા.૬/૦૭/'૧૩ ના રોજ 'કોમ્યુનીટી હોલ, રૂસ્તમપુરા, સુરત ખાતે મા. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના અધ્યક્ષ સ્થાને મહિલા સંમેલન યોજવામાં આવ્યું હતું. ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજિત વિના મુલ્યે આરોગ્ય નિદાન /સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૦૬/૦૭/૨૦૧૩ ના રોજ ભેસતાન શહેરી આરોગ્ય કેન્દ્ર, એચ–૧૫, ઈ. ડબલ્યુ. એસ. આવાસ, ભેસ્તાન, સુરત ખાતેથી આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ભારત સરકારશ્રી ધ્વારા નકકી કર્યા મુજબ ગુજરાત રાજયના વિવિધ શહેરોમાંથી મેન્યુઅલ સ્કેવેન્જર્સ શોધવાની કામગીરી

ભારત સરકારશ્રી ધ્વારા નકકી કર્યા મુજબ ગુજરાત રાજયના વિવિધ શહેરોમાંથી મેન્યુઅલ સ્કેવેન્જર્સ શોધવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જે મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરી વિસ્તારમાં આ કામગીરી તબકકાવાર શરૂ કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## બી.પી.એમ.સી. એકટની કલમ ૨૬૪ મુજબ નોટીસ પાઠવી તે ઉતારવાની કામગીરી

સુરત શહેરના વોર્ડ નં. ૮ માં ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા પાસે આવેલ ડો. ચાંદાભાઈની ગલીમાં આવેલ નોંધ નં.૭૫૦/એ/૨, ૭૫૦/સી વાળી મિલ્કતમાં ભોંયતળીયું અને ચાર માળની પ્લાન સહિતની અરજી મિલકતનાં હીત ધરાવનારા શ્રી જુજરભાઈ સૈફીદ્દીન ડોકટરે રજુ કરેલ હતી. જેને સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૦૨/૦૫/૧૨ ના રોજ રજાચીઠ્ઠી આપી મંજુરી આપવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ કરવાનું આયોજન

૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો વાવી સુરત હીરયાળુ સુરત બનાવવાના હેતુસર ચાલુ ચોમાસા દરમ્યાન હાલ પ્રાથમિક તબકકે અંદાજે ૧ લાખ રોપાઓનું વૃક્ષારોપણ કરવાનું આયોજન કરેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ (વરાછા) ઝોનના કાપોદ્રા વિસ્તારમાં ડિમોલીશનની કામગીરી

અત્રેના પૂર્વ (વરાછા) ઝોનમાં આવેલ ટી.પી. ૧૬(કપાદ્રા) માં સ્પીનીંગ મીલની નજીક મંજૂર પુનરાવર્તીત વિકાસ નકશા મુજબ એસ–૭૪ હેઠળ નામાંકિત થયેલ ડી.પી.રોડ પર જવાહરનગર ઝુંપડપટ્ટી સ્થિત થયેલ છે. જે પૈકી આજ રોજ કાચા/ પાકા ૦૯ ઝુપડાઓ તથા સુચિત ડી.પી. રોડની અસર હેઠળના ફેકટરીના પાકા શેડ તોડીને તેમજ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના)ના આરોગ્ય વિભાગના સ્ટાફ દ્વારા દુકાન/લારી/પાથરણા વાળા પર ચેકીંગની કામગીરી

સાઉથ ઝોન (ઉધના) ના આરોગ્ય વિભાગનાં બમરોલી વિસ્તારમાં આશાપુરી માર્કેટ, હરીધામ સોસાયટી, પત્રકાર કોલોની થી અલથાણ બ્રીજ, તથા ગોવાલક રોડ, હરીઓમ માર્કેટ વિસ્તારમાં તા.૦૬/૦૭/૨૦૧૩ નાં રોજ સાંજે ૫ઃ૩૦ થી ૮ઃ૦૦ કલાક સુધી ઉધના ઝોનના આરોગ્ય વિભાગના સ્ટાફ દ્વારા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર) હદ સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ બાંધકામોની સાઈટના બેઝમેન્ટ (ભોંયરા) માંથી બિલ્ડરો ધ્વારા પાણીના નિકાલ (પંપ આઉટ) કરવાની ચાલુ કરેલ ઉપરાંત પાલ ખાતે ટી.પી. ૧૦ નાં ગજેરા હાઈસ્કુલના બાંધકામમાંથી મળેલ મચ્છરના બ્રિડીંગ (પાણી પોરા) સબબ વસુલ લીધેલ વહીવટી ખર્ચની રકમ અંગેની અખબારી યાદી

ગત અઠવાડિયે મે. કમિશનરશ્રી ધ્વારા શહેરમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે કાબૂમાં રહે તે માટે કડક હાથે કામગીરી કરવા આદેશ કરવામાં આવેલ હોય. અત્રેના પશ્ચિમ ઝોન (રાંદેર) હદ સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ કુલ ૩૮ બાંધકામ ખાત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ કરવાનું આયોજન

૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો વાવી સુરત હીરયાળુ સુરત બનાવવાના હેતુસર ચાલુ ચોમાસા દરમ્યાન હાલ પ્રાથમિક તબકકે અંદાજે ૧ લાખ રોપાઓનું વૃક્ષારોપણ કરવાનું આયોજન કરેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રી સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ બાંધકામને લગતી નોટીસ

ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રી સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૧ માં કાજીનું મેદાન, ગોપીપુરામાં આવેલ નોંધ નં.૩૧૬૦,૩૧૬૧, ૩૧૬૨ પૈકી વાળી મિલ્કતમાં ભોંયતળીયું અને ત્રણ માળની પ્લાન સહિતની અરજી મિલ્કતનાં હીત ધરાવનારા શ્રી અનીસભાઈ ખાલીદહુસૈન હકીમએ રજુ કરેલ હતી....

વધુ માટે કલીક કરો >>>>>>

## ગેરકાયદેસર બાંધકામ પશ્ચિમ ઝોન (રાંદેર) કચેરીના શહેર વિકાસ ખાતાના તથા દબાણ વિભાગના સ્ટાફ તથા સાઉથ ઝોન (ઉધના) ના સ્ટાફ દૂર કરવાની કામગીરી

ટી.પી. સ્કીમ નં.૪૫ (જહાંગીરપુરા–પીસાદ), ફા. પ્લોટ નં.૪૭ (પ્રિલીમનરી) માં આવેલ સમર્પણ બંગ્લોઝ વાળી મિલકતમાં સબ પ્લોટ નં. ૧ થી ૭ ના રેસીડન્સના હેતુ માટે અત્રેના ઝોન દ્વારા પ્લાન મંજૂર કરવામાં આવેલ. જે સંદર્ભે સ્થળ પર સંબંધિત ઓર્ગેનાઈઝર દ્વારા મંજૂર પ્લાન વિરૂધ્ધ રોડ સાઈડે તેમજ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ધંધાકીય એકમોમાં પ્રોફેશનલ ટેક્ષ, મ્યુ. વેરાબીલ, ગુમાસ્તા નોંધણી તેમજ શહેર વિકાસ વિભાગના નિયમોનો અમલીકરણનું ચેકીંગની કામગીરી

આથી જણાવવાનુ કે, ડે. કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) અને સીટી ઈજનેરશ્રી ની સુચના તથા સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૨/૧૯૫૭ પૈકી શંખેશ્વર કોમ્પલેક્ષ, મજુરાગેટ, સુરત ખાતેની મિલકતમાં આરોગ્યલક્ષી જુદીજુદી ખામીઓ બાબતે મિલકતના બિલ્ડરશ્રી વિજયભાઈ સી. શાહ તથા અન્ય વહીવટકર્તા/પ્રમુખ/સેક્રેટરી ને અત્રેથી વારંવાર લેખિતમાં નોટીસો આપવા છતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સીંગણપોર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં મૃત્યુ પામેલ ત્રણ વ્યકિતના પરિવારોને સહાય

આજરોજ તા.૦૯/૦૭/૧૩ ના રોજ સીંગણપોર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ચાર માણસો ફસાયા હતા જે પૈકી ત્રણ વ્યકિતઓના મૃત્યુ થયેલ આ તમામે તમામ મૃતકોના પરિવારોને મેયર્સફંડ માંથી રૂપિયા એક લાખ સહાય ચુકવવાનું મા. મેયરશ્રીએ મંજૂર કરેલ છ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પી.એફ.એ. એકટ હેઠળ નામદાર સુરત મ્યુનિસિપલ કોર્ટે આપેલ ચુકાદો

ફુડ વિભાગનાં ફુડ ઈન્સપેકટર/ફુડ સેફટી ઓફિસર શ્રી ડી. ડી. ઠાકોરે તા.૧૦/૦૩/૨૦૧૩ ના રોજ બ્લોક નં.૨૪૮, શેરી નં.૯, ઘનશ્યામનગર, કરંજ, વરાછા, સુરતનાં સ્થળે આવેલ શ્રીધર ડેરી (સૌરાષ્ટ્ર) નામની સંસ્થામાંથી સંસ્થાના માલિક શ્રી દામજીભાઈ દેવરાજભાઈ સાવલીયા પાસેથી પી.એફ.એ. એકટ હેઠળ 'ઘી' નાં નમુનાઓ લઈ પૃથ્થકકરણ માટે પબ્લીક એનાલીસ્ટશ્રી, સુરત મહાનગપાલિકાને મોકલવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન તેમજ નાયબ આરોગ્ય અધિકારીશ્રીને સીધા સુપરવિઝન હેઠળ જુદાં જુદાં વિસ્તારમાં ન્યુસન્સ ફેલાવતાં ઈસમોની સ્થળ ઉપરની ન્યુસન્સ પ્રવૃત્તિ અટકાવી જનજાગૃતિ અભિયાન

સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન તેમજ નાયબ આરોગ્ય અધિકારીશ્રીને સીધા સુપરવિઝન હેઠળ લિંબાયત ઝોનનાં આરોગ્ય સ્ટાફ ધ્વારા ઝોનમાં જુદાં જુદાં વિસ્તારમાં ન્યુસન્સ ફેલાવતાં ઈસમોની સ્થળ ઉપરની ન્યુસન્સ પ્રવૃત્તિ અટકાવી સુરત મહાનગરપાલિકાનાં સ્વચ્છતાં જાળવવાના ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન(રાંદેર) દ્વારા ગેરકાયદેસર બાંધકામ તોડી પાડી રૂા.૫૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસૂલાત

પશ્ચિમ ઝોન(રાંદેર) દ્વારા આજરોજ(તા.૧૦/૦૭/૨૦૧૩) ટી.પી.સ્કીમ નં.૦૮(પાલનપોર), બ્લોક નં.૬૪, ફા.પ્લોટ નં.૩૫, દર્શન સોસાયટી, પાલનપુર રોડ, વાળી મિલ્કતમાં સબ પ્લોટ નં.૫૫, ૫૬માં સુરત મહાનગરપાલિકાની કોઈપણ જાતની પરવાનગી વગર કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે જૂન ૨૦૧૩ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે જુન ૨૦૧૩ દરમ્યાન ૩૫૧૨ ઈન્ડોર તથા ૩૫૯૬૦ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૨૮૬૯ તથા ૫૩૯ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૭૮૨૩ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા વર્ષાના આગમનને વધાવવા તા.૧૨/૦૭/૨૦૧૩ ના રોજ વર્ષાગીત સ્પર્ધાનું આયોજન

સુરત મહાનગરપાલિકા ધ્વારા વર્ષાના આગમનને વધાવવા તા.૧૨/૦૭/૨૦૧૩ ને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ કલાકે માધ્યમિક વિભાગની અને બપોરે ૧૨.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધાનું આયોજન સુરત મહાનગરપાલિકા કોમ્યુનિટી હોલ, ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મેલેરીયા–ડેંગ્યું–ચીકનગુનીયા વિરોધી માસ ''અંતર્ગત યોજાયેલ ચિત્ર/કવીઝ/નિંબધ સ્પર્ધા

ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ દર વર્ષની જેમ આ વર્ષે પણ સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન, વીબીડીસી વિભાગ ધ્વારા જુન–જુલાઈ–૨૦૧૩ ''મેલેરીયા–ડેંગ્યું–ચીકનગુનિયા વિરોધી માસ'' અંતર્ગત સેન્ટ્રલ ઝોન વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રી સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ વધારાનું બાંધકામ દુર કરવાની કામગીરી

ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રી સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૨ માં સુરમ વાડ રૂસ્તમપુરામાં આવેલ નોંધ નં.૫૯૮ વાળી મિલ્કતમાં ભોંયતળિયું અને ત્રણ માળની પ્લાન સહિતની અરજી મિલ્કતનાં હીત ધરાવનારા શ્રી અશોકકુમાર જયન્તિલાલ કડિયા એ રજુ કરેલ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે ઉધના ઝોન વિસ્તારમાં વૃક્ષારોપણની કામગીરીઃ–

સુરત મહાનગરપાલિકા કમિશનરશ્રી તરફથી ૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે ચાલુ ચોમાસા દરમ્યાન જુલાઈ માસમાં શહેરના જુદા જુદા વિસ્તારોમાં અંદાજે એક લાખ રોપાઓનું વૃક્ષારોપણ કરવા આદેશ મળેલ હતો. જે અન્વયે ઉધના ઝોનનો પાંચ હજાર રોપા ઉગાડવા માટે લક્ષાંક મળેલ હતું.

ઉધના ઝોન તરફથી ૧ જુલાઈ ૨૦૧૩ થી ૧૬ જુલાઈ ૨૦૧૩ ના સમયગાળામાં મહાનગરપાલિકાના જુદા જુદા પ્લોટ ઉપર તથા જાહેર રસ્તાઓ ઉપર આ રોપાઓ રોપવા માટે એક ઘનિષ્ઠ આયોજન કાર્યપાલક ઈજનેરશ્રી હરપ્લાની સાહેબના માર્ગદર્શન હેઠળ ગોઠવવામાં આવેલ છે. જેના ભાગ રૂપે આજરોજ ૪ જુલાઈ ૨૦૧૩ ને ગુરૂવારના દિવસે ગુજરાત હાઉસીંગ બોર્ડ, પાંડેસરા ખાતે આવેલ કમ્યુનિટી હોલની બાજુમાં ખુલ્લા પ્લોટમાં રોપાઓ રોપવા માટે ઘનિષ્ઠ આયોજન કરેલ. જેમાં નવસારી વિસ્તારનાં સાંસદશ્રી સી. આર. પાટીલ સાહેબ તથા લિંબાયત વિસ્તારનાં ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ તથા પાંડેસરા વોર્ડ નં.૩૬ નાં મ્યુ. સભ્યશ્રીઓ શ્રી ડો. ઈ. કે. પાટીલ, શ્રી વિનોદભાઈ પટેલ, શ્રીમતી રંજનાસિંહ રાજપુત હાજર રહી એક એક રોપો રોપી સુરત મહાનગરપાલિકાના કર્મચારી, અધિકારી ગણને વૃક્ષારોપણ કરવા બાબતે પ્રોત્સાહન પુરૂ પાડેલ. તથા આ કાર્યક્રમના આનુસાંગિક ભાગરૂપે સુરત મહાનગરપાલિકાના ઉધના ઝોનના આરોગ્ય વિભાગ અને ટેકનીકલ વિભાગે સંયુકત રીતે અંદાજે ૨૦૦ જેટલા રોપાઓ વાવ્યા હતા. આ કાર્યક્રમમાં આંગણવાડી વિભાગના સી.ડી.પી.ઓ. ઘટક–૫ ના શ્રીમતી કાન્તાબેન પટેલ તેમના આંગણવાડી પરીવારના અંદાજે ૫૦ જેટલી બહેનો સાથે હાજર રહી આ વૃક્ષારોપણ કાર્યક્રમને વધુ ફુલ ગુલાબી બનાવેલ હતો. વૃક્ષારોપણ ની આ કામગીરીથી પાંડેસરા હાઉસીંગ બોર્ડની જાહેર જનતામાં ખુશીની લાગણી છવાઈ ગઈ હતી અને જેથી સમગ્ર વાતાવરણ હરીયાળુ બની ગયું હતું.

TOP

## સુરતીઓને રવિવારે ડુમસ સમુદ્રનાં કિનારાની સફાઈ માટે તેડુઃ–

સુરત શહેર જયારે સમગ્ર દેશમાં તેની સ્વચ્છતા માટે પ્રશંસા પામ્યું હોય ત્યારે સુરતીઓની સહેલગાહ માટેનો ડુમસનો દરિયો કિનારો પ્લાસ્ટિક અને ગંદકીથી ખદ્‌ખદ્‌તો રહે તે બાબત અત્યંત ક્ષોભજનક છે. ત્રણેક માસ પહેલા નેચર કલબ સુરત, સુડા અને સાર્વજનિક એજયુકેશન સોસાયટીના શિક્ષકો, વિદ્યાર્થીઓએ લગભગ દોઢ કિ. મી. દરિયાનાં કિનારાની સફાઈ કરીને બે ટ્રેકટર પ્લાસ્ટિક ભેગુ કરેલ હતું. આ બાબતને ધ્યાને લઈ સમુદ્ર દેવની ક્ષમા સાથે કિનારાની સફાઈ તા.૦૭/૦૭/૨૦૧૩ રવિવારના રોજ સવારે ૭.૦૦ કલાકથી રાખવામાં આવી છે. જેમાં શહેરની શૈક્ષણિક સંસ્થાઓ, કલબો, પર્યાવરણનાં પ્રહરીઓ, મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીઓ, પદાધિકારીઓ, આગેવાનો આ પવિત્ર કાર્યમાં ભાગીદાર બને તેવી વિનંતી. સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તરફથી કરવામાં આવી છે.

TOP

## અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૮/૦૭/૨૦૧૩ ના રોજ માધ્યમિક અને ખુલ્લા વિભાગની મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા આયોજનઃ–

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૮/૦૭/૨૦૧૩ ના રોજ માધ્યમિક અને ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધા, તા.૧૯/૦૭/૨૦૧૩ ના રોજ પ્રાથમિક વિભાગની મહેંદી સ્પર્ધાનું આયોજન સવારે ૧૦.૦૦ કલાકથી રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ, આશાપુરી માતાનો ટેકરો, રૂસ્તમપુરા, સુરત ખાતે તથા તા.૨૦/૦૭/૨૦૧૩ ના રોજ ગોરમાગીત સ્પર્ધા સવારે ૯.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. મહેંદી સ્પર્ધામાં સુરત શહેરની પ્રાથમિક/માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ તથા ખુલ્લા વિભાગમાં સુરત શહેરની મહિલાઓ ભાગ લઈ શકશે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના વિદ્યાર્થીનીઓએ તેઓના મહેંદી હરિફાઈના પ્રવેશપત્રો જે તે શાળા મારફત જ સાંસ્કૃતિક વિભાગમાં મોકલવાના રહેશે. ગોરમાગીત સ્પર્ધામાં શહેરની પ્રાથમિક શાળાઓની ૮ થી ૧૩ વર્ષની વિદ્યાર્થીની (કન્યા)ઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી તા.૧૫/૦૭/૨૦૧૩ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ, અથવા અન્ય ઉમરના પુરાવાની સર્ટીફાઈડ કોપી સહિત પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ **www.suratmunicipal.gov.in** પરથી પણ મળી શકશે.

TOP

## સુરત મહાનગરપાલિકાનાં સા. વે. (અઠવા) ઝોન ના વી.બી.ડી.સી. વિભાગમાં મોન્સુન ના ભાગરૂપે મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ રોકથામ માટે "મેલેરીયા અને ડેન્ગ્યુ/ચિકનગુનિયા" વિરોધી માસ અભિયાન અંતર્ગત રાખવામાં આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :–

સવિનય જણાવવાનું કે સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનમાં તા.૨૭/૦૬/૨૦૧૩ ના રોજ નવી સિવીલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલ મચ્છરની ઉત્પત્તિ અટકાયતી અંગેની સફાઈ ઝુંબેશ સંદર્ભે કેમ્પસમાં કુલ ૧૬ સ્થાને મચ્છરના ઉત્પિત્તિસ્થાનો મળી આવેલ જેના આનુસાંગીક નવી સિવીલ/મેડીકલ કોલેજના ડીનશ્રી ડો. દિક્ષીત સાહેબ એ તાત્કાલિક સા. વે.(અઠવા) ઝોનમાં આસી. જંતુનાશક અધિકારી શ્રી જે. બી. પવાર સાથે સંકલન કરી જે મચ્છરના ઉત્પત્તિ સ્થાનો મળી આવેલ તે ખામીઓ ની યાદી સાથે અને ફોટોગ્રાફ ના પ્રઝન્ટેશન કરી સિવીલ કેમ્પસમાં આ ખામીઓ દુર કરી શકે તેવા તમામ વિભાગના કર્મચારી અને કેમ્પસની અંદર એન્ટીલાર્વલની કામગીરી સર્વે કરી મચ્છરની ઉત્પત્તિ અટકાવી શકે તેવા તમામ મેલેરીયા ઈન્સપેકટર મેલેરીયા સર્વેલન્સ તેમજ પી.આઈ. વિભાગના સ્ટાફ, મેનેજમેન્ટ વિભાગના સ્ટાફ, મેડીકલ કોલેજના મેઈન્ટેનન્સ સ્ટાફ તેમજ હોસ્પિટલ વિભાગનો ડ્રેનેજ તેમજ ચોથાવર્ગના કર્મચારી સહિત સેફટી વિભાગનો સ્ટાફ મળી કુલ ૧૫૦ કર્મચારીઓનો તા.૦૩/૦૭/૨૦૧૩ ના રોજ ડીનશ્રી અને મ્યુ. કોર્પોરેશન સંકલિત થઈ તમામને મચ્છરની ઉત્પત્તિ ન થાય તે બાબતની એક ટ્રેનિંગનું આયોજન કરી આ ટ્રેનિંગમાં દર અઠવાડિયે કેમ્પસમાં સિવીલ કેમ્પસમાં સિવીલ કેમ્પસમાં રાખવામાં આવેલ સ્ટાફ ધ્વારા મેલેરીયા સર્વેલન્સ સાથે એન્ટિલાર્વલ કામગીરીનું સીધુ મોનીટરીંગ ડીનશ્રી ડો. દિક્ષીત સાહેબ જાતે જ કરશે અને આમ, આ કામગીરી કરવાથી કેમ્પસમાં નિયમિત મચ્છર નિયંત્રણના પગલાથી કેમ્પસમાં મચ્છરની ઉત્પત્તિ ઘણી ઓછી જોવા મળશે.

TOP

## ૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ કરવાનું આયોજનઃ–

**૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે** સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો વાવી સુરત હીરયાળુ સુરત બનાવવાના હેતુસર ચાલુ ચોમાસા દરમ્યાન હાલ **પ્રાથમિક તબકકે અંદાજે ૧ લાખ રોપાઓનું** વૃક્ષારોપણ કરવાનું આયોજન કરેલ.

સુરત શહેરના જે તે ઝોનમાં આવેલ **તમામ ૩૮ ઈલેકશન વોર્ડ વિસ્તારમાં** ખાનગી રહેણાંક સોસાયટીમાં આવેલ ખુલ્લા પ્લોટ /કોમન પ્લોટ તેમજ રસ્તાઓની ફરતે વધુમાં વધુ વૃક્ષારોપણ થાય તે હેતુથી **તા.૦૧/૦૭/૨૦૧૩** થી **તા.૦૮/૦૭/૨૦૧૩** સુધી વૃક્ષારોપણનો કાર્યક્રમ જે તે ઈલેકશન વોર્ડના મ્યુ. સભ્યશ્રીઓ, નગરજનો તથા વૃક્ષપ્રેમીઓ સાથે કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આજ તા.૦૪/૦૭/૧૩ ના રોજ નીચે જણાવેલ વિગતો મુજબ જે તે ઝોન વિસ્તારના ઈલેકશન વોર્ડ વિસ્તારમાં સંબંધિત મ્યુ.સભ્યશ્રીઓ તથા નગરજનો સાથે વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ.

| ઝોન/વોર્ડ નં. | હાજર રહેલ કોર્પોરેટરનું નામ | પ્લાન્ટેશન વિસ્તાર | વિના મૂલ્યે રોપા વિતરણ સંખ્યા | પ્લાન્ટેશન રોપા સંખ્યા | કુલ રોપા સંખ્યા |
|---|---|---|---|---|---|
| સેન્ટ્રલ | – | ગોપીપુરા મીડ સ્કૂલની ફરત. રો. સા. તથા બડેખા ચકલા બિસ્મીલ્લા ખ.ન. પ્રાથમિક શળાના પરિસરમાં | 40 | 40 | 80 |
| રાંદેર | શ્રીમતી વિણાબેન શાંતિલાલ નાણાવટી<br>શ્રી નિરવભાઈ સુરેશચંદ્ર શાહ<br>શ્રી અનિલભાઈ ધનસુખભાઈ પટેલ | વોર્ડ નં.૧૨ રીવર હાઈડથી સ્વામીનારાયણ મંદિર રો. સા. તથા અડાજણ તરફ રો. સા. | - | 60 | 60 |
| અઠવા | – | વેસુ થી આભવા રો. ડિ. તથા રો. સા. વેસુ નવી પાણીની ટાંકીના પાછળના ભાગે | 100 | 183 | 283 |
| કતારગામ | શ્રીમતી રંજનબેન સુંદરલાલ સરતાનપુરા<br>ડો. જગદીશભાઈ પરસોત્તમભાઈ પટેલ<br>ડો. શાકરાવ જયરામ ફુલે | શયામવાડી રો. સા. | 300 | 30 | 330 |
| ઉધના | સાંસદશ્રી, શ્રીમતી રાહિણી છોટુભાઈ પાટીલ<br>શ્રી સોમનાથભાઈ રઘુનાથ મરાઠે<br>શ્રી દિનેશભાઈ જયંતિલાલ પટેલ | શિવશકિત રેસીડેન્સી, સપ્તશૃંગી મંદિરથી ઝોન ઓફિસ રો. સા., | 130 | 240 | 370 |
| લીંબાયત | શ્રીમતી લક્ષ્મીબેન બુચ્ચિરામુલુ રાપોલુ | લીંબાયત વોર્ડ વિસ્તાર ગોવિંદનગર ૧ અને ર, પ્રતાપનગર ૧ અને ર, તીરૂપતિ મંદિર બાલાજી નગર, મંગલપાર્ક મહાદેવ મંદિર પરિસર | 935 | 65 | 1000 |
| વરાછા | શ્રીમતી છાયાબેન રશ્મિનભાઈ ભુવા<br>શ્રી કાંતિલાલ હિરજીભાઈ ભંડેરી<br>શ્રી પ્રવિણભાઈ મનજીભાઈ ઘોઘાણી | સૌરાષ્ટ્ર કોલોની રાધાકુષ્ણ મંદિર પાસે | 300 | 15 | 315 |
| કુલ (તા.૦૪/૦૭/૨૦૧૩ ના રોજ) | | | **1805** | **633** | **2438** |
| તા.૦૩/૦૭/૨૦૧૩ સુધીમાં થયેલ પ્લાન્ટેશનની વિગત | | | **16278** | **12370** | **28648** |
| આજદિન સુધી થયેલ કુલ પ્લાન્ટેશન | | | **18083** | **13003** | **31086** |

TOP

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન અખબારી યાદીઃ–

અત્રેના સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ પ્રીલી. ટી.પી.સ્કીમ નં.૨૮ (અલથાણ–ભટાર) માં ભટાર વાય જંકશન થી રસુલાબાદ ખાડી તરફ જતાં ૨૪.૦૦ મી. ના ટી.પી.રસ્તાના અસર હેઠળ આવતા રસુલાબાદ થી ઓળખાતી વસાહતમાં આવેલ અંદાજે ૧૨૫ જેટલા કાચા–પાકા–રહેણાંક મકાનો તેમજ ૩૦ જેટલી દુકાનો તથા ભંગરાના ગોડાઉન સહિતના દબાણો તા.૦૨/૦૭/૧૩ તથા તા.૦૩/૦૭/૧૩ ના રોજ અઠવા ઝોન, રાંદેર ઝોન તેમજ ઉધના ઝોનના દબાણ સ્ટાફ તેમજ શહેરી વિકાસ વિભાગના સ્ટાફ મારફતે દુર કરવામાં આવેલ છે. ઉપરોકત કામગીરીથી આશરે ૨૮૦૦૦ ચો. ફુટ રસ્તાની જગ્યાનો કબજો મળવા પામેલ છે.

ઉપરોકત કામગીરી ડે. કમિશનરશ્રીની સૂચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ ખટોદરા પોલીસ સ્ટેશન તથા સીકયોરીટી સ્ટાફના સહકારથી શાંતીપૂર્ણ રીતે કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

## ૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ કરવાનું આયોજનઃ–

**૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે** સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો વાવી સુરત હીરયાળુ સુરત બનાવવાના હેતુસર ચાલુ ચોમાસા દરમ્યાન હાલ **પ્રાથમિક તબકકે અંદાજે ૧ લાખ રોપાઓનું** વૃક્ષારોપણ કરવાનું આયોજન કરેલ.

સુરત શહેરના જે તે ઝોનમાં આવેલ તમામ **૩૮ ઈલેકશન વોર્ડ વિસ્તારમાં** ખાનગી રહેણાંક સોસાયટીમાં આવેલ ખુલ્લા પ્લોટ /કોમન પ્લોટ તેમજ રસ્તાઓની ફરતે વધુમાં વધુ વૃક્ષારોપણ થાય તે હેતુથી **તા.૦૧/૦૭/૨૦૧૩** થી **તા.૦૮/૦૭/૨૦૧૩** સુધી વૃક્ષારોપણનો કાર્યક્રમ જે તે ઈલેકશન વોર્ડના મ્યુ. સભ્યશ્રીઓ, નગરજનો તથા વૃક્ષપ્રેમીઓ સાથે કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આજ તા.૦૫/૦૭/૧૩ ના રોજ નીચે જણાવેલ વિગતો મુજબ જે તે ઝોન વિસ્તારના ઈલેકશન વોર્ડ વિસ્તારમાં સંબંધિત મ્યુ.સભ્યશ્રીઓ તથા નગરજનો સાથે વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ.

| ઝોન/વોર્ડ નં. | હાજર રહેલ કોર્પોરેટરનું નામ | પ્લાન્ટેશન વિસ્તાર | વિના મૂલ્યે રોપા વિતરણ સંખ્યા | પ્લાન્ટેશન રોપા સંખ્યા | કુલ રોપા સંખ્યા |
|---|---|---|---|---|---|
| સેન્ટ્રલ | શ્રીમતી ઉર્મિલાબેન શંકરલાલ રાણા,<br>શ્રી પિયુષ બલવંતરાય જરીવાલા | શાળા નં.૪૧, કેન્દ્ર નં.૬ પ્રાથમિક શાળા,<br>જુના માછીવાડ રૂપમ સીનેમા પાસે | 15 | 80 | 95 |
| રાંદેર | – | ટી.પી. ૧૪ (પાલ) રોડના આંતરિક રસ્તા | 0 | 70 | 70 |
| અઠવા | શ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ,<br>શ્રીમતી રંજનબેન કાંતીલાલ પટેલ,<br>ધારાસભ્યશ્રી હર્ષભાઈ સંઘવી | નવી પાણીની ટાંકી વેસુ રોડ સાઈડ સી.જી. રેસેડન્સી, મિશન હોસ્પીટલ થી ગોકુલમ ડેરી રોડ સાઈડ | 60 | 182 | 242 |
| કતારગામ | મેયરશ્રી<br>શ્રીમતી મુકતાબેન જીવરાજભાઈ વરિયા,<br>શ્રી વિનોદભાઈ અમરશીભાઈ મોરડીયા,<br>શ્રી સતીષભાઈ કાંતિભાઈ પટેલ | જહાંગીરપુરા ડભોલી પ્લેટીનીયમ પાર્ક | 350 | 221 | 571 |
| ઉધના | – | ભેસ્તાન EWS આવાસ રોડ ડી. | 0 | 50 | 50 |
| લીંબાયત | શ્રી સુભાષ નામદેવ પાટીલ<br>શ્રીમતી નયનાબેન મનીષકુમાર નાયકના પી.એ. | હનુમાનજી મંદીર, અંબામાતા મંદિરના પરિસરમાં | 950 | 50 | 1000 |
| વરાછા | શ્રીમતી મધુબેન મનુભાઈ ખેની,<br>શ્રી ભીમજીભાઈ વી. પટેલ<br>શ્રી ધનશ્યામભાઈ વલ્લભભાઈ નાકારણી | તુલસીદાસ બાગ, કાપોદ્રા પોલીસ સ્ટેશન પાસે મમતા પાર્ક વિભાગ–ર ની દિવાલ ફરતે | 300 | 130 | 430 |
| કુલ (તા.૦૫/૦૭/૨૦૧૩ ના રોજ) | | | **1675** | **783** | **2458** |
| તા.૦૪/૦૭/૨૦૧૩ સુધીમાં થયેલ પ્લાન્ટેશનની વિગત | | | **18083** | **13003** | **31086** |
| આજદિન સુધી થયેલ કુલ પ્લાન્ટેશન | | | **19758** | **13786** | **33544** |

TOP

## સુરત મહાનગરપાલિકા, યુસીડી વિભાગ સંચાલિત મિશન મંગલમ (અર્બન) યોજના અંતર્ગત તા.૬/૦૭/૧૩ ના રોજ 'કોમ્યુનીટી હોલ, રૂસ્તમપુરા, સુરત ખાતે મા. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના અધ્યક્ષ સ્થાને મહિલા સંમેલનઃ–

સુરત મહાનગરપાલિકા, યુસીડી વિભાગ સંચાલિત મિશન મંગલમ (અર્બન) યોજના અંતર્ગત તા.૬/૦૭/'૧૩ ના રોજ 'કોમ્યુનીટી હોલ, રૂસ્તમપુરા, સુરત ખાતે મા. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના અધ્યક્ષ સ્થાને મહિલા સંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટય વિધિ સંપન્ન કરવામાં આવેલ. આ સંમેલનામાં સેન્ટ્રલ ઝોન, લિંબાયત ઝોન અને ઉધના ઝોનના વિવિધ સખી મંડળની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. સમારંભના અધ્યક્ષશ્રી મા. મેયરશ્રીએ મિશન મંગલમ (અર્બન) યોજના અંતર્ગત રચાયેલ સખી મંડળમાં ઉપસ્થિત બહેનોને સંબોધતા જણાવ્યું હતું કે, ''મહિલાઓ ઘરમાં બે છેડા ભેગા કરવાનુ માટે મંથન કરે છે ઘરનું ગુજરાન ચલાવે છે. પુરુષ પ્રધાન સમાજ વ્યવસ્થામાં આર્થિક ઉપાજન કરવાની જવાબદારી પુરુષો ઉપર હોય છે. ઘરમાં કચાસ રહી જાય તો કમી પુરી પાડવા સંર્વધન જેવી પ્રવૃત્તિ કરીએ. આ યોજના અમલમાં મુકી ગરીબ ઘરની બહેનો રોજી રોટી કમાતી થઈ છે. જે માટે ધન્યવાદ આપું છું, સંગઠિત બની છે જે તાકાત છે''

આ પ્રસંગે ડેપ્યુટી મેયરશ્રી દયાશંકરસિંગે જણાવ્યું કે, '' આ યોજના થકી તમે તમારા પરીવારને આર્થિક રીતે મદદરૂપ બનશો અને જરૂરીયાતમંદ વ્યકિત પણ આગળ લાવવા ઉપયોગી બનશો''

આ પ્રસંગે હાજર ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલે જણાવ્યું હતું કે, '' મિશન મંગલમ (અર્બન) યોજના થકી બહેનો પોતાની સંગઠિત શકિતનો વિકાસ કરી સમાજમાં સ્ત્રી સંગઠનનું શકિતનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડી અન્ય સ્ત્રીઓ માટે પણ પ્રેરણા સ્વરૂપ બને.

આ પ્રસંગે ડે. કમિશનર શ્રી આર. જે. પટેલ I.A.S એ આવકાર પ્રવચન આપતાં ''સખી મંડળોની બહેનોને કહયું હતું કે, આ યોજના હેઠળ જુથની સંગઠિત શકિત અને સરકારશ્રીની વિવિધ યોજના હેઠળ આપવામાં આવતી તાલીમ મેળવી તેઓ પોતાના કુટુંબ તથા સમાજ માટે સીમાચિન્હરૂપ કાર્યો કરવા માટે સક્ષમ છે, તેઓના આ ભગીરથી કાર્યમાં સુરત મહાનગરપાલિકા હંમેશા તેઓની સાથે જ રહેશે. મિશન મંગલમ(અર્બન) યોજના હેઠળ સારી કામગીરી કરવા બદલ મહિલા સમાજ સંગઠકોને મા. મેયરશ્રી ધ્વારા મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મહિલા સંમેલનના વકતા તરીકે ડી. આર. ડી. એ.ના ડીસ્ટ્રી. લાઈવલીહુડ મેનેજર, કુ. મયુરીબેન વાડીયાએ સખી મંડળો વિશે વિસ્તૃત ઉદાહરણ સહિત માહિતી આપતા હાજર બહેનોને જણાવ્યું કે, 'સખી મંડળોની બહેનોને સંગઠન શકિતના વિકાસ માટે પંચસૂત્રનો પાલન કરવા તેમજ વિવિધ રોજગારલક્ષી તાલીમ મેળવી, સ્વરોજગાર ઉભો કરી પોતાના પરિવારને મદદરૂપ બનવા અનુરોધ કર્યો. ડો. વિકાસબેન ખુબ સરળ ભાષામાં 'કુપોષણ તેમજ બાળઉછેર તેમજ સગર્ભા અને ધાત્રી માતાની સંભાળ' વિશે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે, શાંતિથી આનંદથી જીવન જીવવા માટે માત્ર પૈસા જ એક માત્ર સાધન નથી, પરંતુ આરોગ્ય પણ એટલું જ અગત્યનું છે, તેમજ આ માટે તેઓએ આરોગ્ય જાળવણી તેમજ સરકારશ્રી ધ્વારા આરોગ્ય લક્ષી ચાલતી વિવિધ યોજનાઓ વિશે પણ બહેનોને માહિતી આપી હતી.

આ ઉપરાંત વુમન્સ વેલફેર ટ્રસ્ટના શ્રીમતી રશ્મિબેને જણાવ્યું કે, સખી મંડળએ સરકારની દિકરીઓ છે. સખી મંડળની બહેનોએ તાલીમ લઈ ગારમેન્ટ, ટીફીન ઉદ્યોગ, યુનિફોર્મ, સિઝનલ ધંધા જેવા કે, 'રાખડી', જવેલરી, પતંગ, કેન્ટીન, નાસ્તા સપ્લાય, વિગેરે પ્રવૃત્તિઓ જુથમાં કરે છે. જેની તેઓએ દ્રષ્ટાંત સહિત વિગતવાર માહિતી આપી.

અંબાજીથી આવેલ 'નંદનવન મહિલા કો. ઓપરેટીવ સંસ્થા' ના શ્રી હિતેશભાઈએ નાળિયેરના છોળામાંથી ગૃહ સુશોભન માટે બનતી વિવિધ ૧૫૦ થી ૨૦૦ જેટલી ચીજ વસ્તુઓ વિશે માહિતી આપી, સખી મંડળની બહેનોને આ ઉદ્યોગ વિશે રસપૂર્ણ માહિતી આપી બહેનોને આ ક્ષેત્રમાં ઝંપલાવી દૈનિક રૂા.૧૦૦/– થી રૂા.૫૦૦/– સુધીની આવક ઉભી કરી પરિવારના સપના/જરૂરીયાત પુરી કરી શકવા જણાવ્યું હતું.

વધુમાં સોનગઢ તાલુકાના સખી મંડળના શ્રીમતી મિશુલાબેન ગામીતે બચત–ધિરાણ મંડળની વિગતો આપી હતી. બહેનોને તેઓ ધ્વારા સોનગઢ તાલુકામાં કરવામાં આવતી સખી મંડળ અંતર્ગની વિવિધ પ્રવૃત્તઓ વિશે વિગતવાર જાણકારી આપી હતી.

કાર્યક્રમમાં સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, મહિલા દંડક રીમતી રશ્મિબેન પટેલ તથા મ્યુ. સદસ્ય કુ. લક્ષ્મીબેન ચોપારે, શ્રીમતી રંજનાસિંહ રાજપુત તેમજ યુ.સી.ડી. વિભાગના પ્રોજેકટ ઓફિસર શ્રી આર.સી. પટેલ, ડેપ્યુટી પ્રોજેકટ ઓફિસર શ્રી પી.એમ. નાયક હાજર રહયા હતા.

સમગ કાર્યક્રમનું યુસીડી વિભાગના ડેપ્યુટી પ્રોજેકટ ઓફિસર શ્રીમતી રક્ષાબેન પરમાર ઈન્વેસ્ટીગેટર શ્રીમતી કવિતાબેન દેસાઈએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં યુસીડી વિભાગના કોમ્યુનીટી આર્ગેનાઈઝર શ્રી એન. ડી. ડાભી, શ્રીમતી જશુબેન ગામીત અને શ્રીમતી પુષ્પાબેન પરમાર તેમજ અન્ય કોમ્યુનીટી ઓર્ગેનાઈઝરો તથા મહિલા સમાજ સંગઠકોએ જહેમત ઉઠાવી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજિત વિના મુલ્યે આરોગ્ય નિદાન /સારવાર કેમ્પઃ–



ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૦૬/૦૭/૨૦૧૩ ના રોજ ભેસતાન શહેરી આરોગ્ય કેન્દ્ર, એચ–૧૫, ઈ. ડબલ્યુ. એસ. આવાસ, ભેસ્તાન, સુરત ખાતેથી આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો. દ્વારા

આ પ્રસંગે મે. ડે. મેયરશ્રી દયાશંકર શકલનારાયણ સિંહ, આરોગ્ય અધિકારી ડો. હેમંત એસ. દેસાઈ, કાયદા સમિતિ અધ્યક્ષા કુ. લક્ષ્મીબેન રમેશચંદ્ર ચોપારે, મ્યુનિ. સદસ્યા શ્રીમતિ રંજનાસિંહ રાજપુત, ઉધના ઝોનના કાર્યપાલક ઈજનેર શ્રી ડી. એ. હરપ્લાની, મેડીકલ ઓફિસર વર્ગ–૧ (કુટુંબ કલ્યાણ બ્યૂરો) ના ડો. અરૂણાબેન પટેલ, નાયબ આરોગ્ય અધિકારી ડો. દિનેશ પટેલ, નાયબ આરોગ્ય અધિકારી (આરોગ્ય વિભાગ), ડો. કલ્પેશ ખત્રી, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, ભેસ્તાન / ઉધના શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસરો, આઈ.સી.ડી.એસ. ના કર્મચારી તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહ્યા હતા.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો ભેસ્તાન શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના **કુલ ૧૦૫૯** લાભાર્થીઓએ લાભ લીધો હતો. જે પૈકી ૬૪ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

જેમાં ફિઝીશયન દ્વારા **૧૯૨**, સર્જન દ્વારા **૩૫**, બાળરોગ નિષ્ણાંત દ્વારા **૧૮૦**, સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા **૮૨**, ચામડીના નિષ્ણાંત દ્વારા **૧૪૬**, આંખના નિષ્ણાંત દ્વારા **૯૨**, મેડીકલ ઓફિસર દ્વારા **૩૩૨** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.

કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ **૭૦૦**, ઓરલ પીલ્સ **૮૦** પેકેટ, આર્યન ફોલીક **૨૫૦૦**, ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. રસીકરણ વિભાગ દ્વારા **૪૫** બાળકને વિવિધ રોગો સામેની રસી આપવામાં આવી હતી. લેબ. ટેકનીશીયન દ્વારા તાવના **૧૮** દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ.ના **૮૦** પેકેટસનું વિતરણ કરવામાં આવ્યું હતું. મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી. **૨૦૦૦** પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. તથા **૨૦૦૦** કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ. કમિશનર શ્રી એમ. કે. દાસ તથા ડે. કમિશનરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પીટલ) શ્રી આર. જે. પટેલના આદેશાનુસાર આરોગ્ય અધિકારી ડો. હેમંત એસ. દેસાઈ ના માર્ગદર્શન મુજબ નાયબ આરોગ્ય અધિકારી ડો. કે. આઈ. ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

**નોંધ** :– આગામી વિના–મૂલ્યે આરોગ્ય નિદાન સારવાર કેમ્પનું આયોજન તા. ૧૩/૦૭/૧૩ના રોજ યુટીલીટી સેન્ટર, બુનિયાદી પ્રાથમિક શાળાની સામે, તાડવાડી મેઈનરોડ (વરીયાવ), રાંદેર, સુરત ખાતે રાખવામાં આવેલ છે. જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

TOP

## ભારત સરકારશ્રી ધ્વારા નકકી કર્યા મુજબ ગુજરાત રાજયના વિવિધ શહેરોમાંથી મેન્યુઅલ સ્કેવેન્જર્સ શોધવાની કામગીરીઃ–

ભારત સરકારશ્રી ધ્વારા નકકી કર્યા મુજબ ગુજરાત રાજયના વિવિધ શહેરોમાંથી મેન્યુઅલ સ્કેવેન્જર્સ શોધવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જે મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરી વિસ્તારમાં આ કામગીરી તબકકાવાર શરૂ કરવામાં આવેલ છે. જે પૈકી તા.૨૪/૦૬/૧૩ થી તા.૩૦/૦૬/૧૩ સુધીના સમયગાળા દરમ્યાન મેન્યુઅલ સ્કેવેન્જર્સના ''સેલ્ફ ડેકલેરેશનની'' કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, જયારે ગણતરીદારો દ્વારા ઘરે–ઘરે મુલાકાત લઈ, મેન્યુઅલ સ્કેવેન્જર્સની મોજણી કરવાની કામગીરી હાલ કાર્યરત છે.

આ કામગીરી અન્વયે તા.૦૫/૦૭/૨૦૧૩ નાં રોજ બપોરે ૩.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના રૂમ નં.૮૮ માં શ્રી આર. જે. પટેલ– ડેપ્યુટી કમિશનર (હેલ્થ અને હોસ્પિટલ) ના અધ્યક્ષપણા હેઠળ એક મિટીંગનું આયોજન કરવામાં આવેલ. સદર મિટીંગમાં શ્રી એસ. એસ. પટેલ (જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી વર્ગ–૧, સુરત) શ્રી ઉર્વશીબેન એ. માલી (અધ્યક્ષ સાંસ્કૃતિક સમિતિ), મુકતાબેન વરિયા (મ્યુ. સભ્યશ્રી), સ્વાતિબેન સોસા (મ્યુ. સભ્યશ્રી), ડો. એચ. એસ. દેસાઈ (આરોગ્ય અધિકારીશ્રી), સુરત મહાનગરપાલિકાના તમામ નાયબ / આસી. આરોગ્ય અધિકારીશ્રીઓ, સુરત સુધરાઈ કામદાર (સ્ટાફ) મંડળના હોદ્દેદારો, સુ. મ. યુ. લાલવાવટાના હોદ્દેદારો, સેનેટરી માર્ટ, સહકારી મંડળી / NGOs ના હોદ્દેદારો ઉપસ્થિત રહેલ હતા.

ડો. એચ. એસ. દેસાઈ (આરોગ્ય અધિકારીશ્રી)એ મિટીંગમાં ઉપસ્થિત સૌને આવકાર્યા હતા તથા જેમ ચૂંટણીની કામગીરી અગાઉથી સુનિશ્ચત કરવામાં આવે છે, તેજ રીતે મેન્યુઅલ સ્કેવેન્જર્સ સર્વેની કામગીરી સરકારશ્રી ધ્વારા સુનિશ્ચત કરવામાં આવેલ હોવાનું અને તે મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા કમિટી બનાવી વર્તમાનપત્રો, હોર્ડીંગ્સ વિગેરેમાં જાહેરાત પ્રસિધ્ધ કરી, પધ્ધતિસર કામગીરી શરૂ કરવામાં આવેલ હોવાનું જણાવ્યું. મેન્યુઅલ સ્કેવેન્જર્સની કામગીરીમાં સંકળાયેલ વ્યકિતઓને શોધી કાઢવા માટે કાર્યરત કર્મચારીઓને પુરતો સહકાર આપવા હાજર રહેલ તમામને જણાવવામાં આવ્યું, સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં જે–તે ઘરોમાં જાજરૂની સગવડ ન હોય, તો તેઓને સુરત મહાનગરપાલિકા તરફથી જાજરૂની સગવડ કરી આપવા જણાવવામાં આવ્યું. જે અન્વયે ઉપસ્થિત સૌએ આ કામગીરીમાં પુરતો સાથ–સહકાર આપવા જણાવ્યું.

ત્યારબાદ ડે. કમિશનર (હેલ્થ અને હોસ્પિ.) એ સુરત શહેર સ્વચ્છતા માટે દેશભરમાં પ્રસિધ્ધ હોવાનું જણાવી, ''સ્વચ્છ સુરત, સુંદર સુરત'' માં સફાઈ કામદારોનો ખૂબ જ મોટો ફાળો હોવાનું તથા આ તમામ સફાઈ કામદારો ભાઈઓ–બહેનોના આરોગ્ય બાબતે સભાન હોવાનું જણાવ્યું. તમામ સફાઈ કામદારોના આરોગ્યની ચકાસણી દર ત્રણ માસે કરાવવા સૂચનો કર્યુ હતું. આ ઉપરાંત તમામ કામદારોને સેફટીના સાધનો જેવા કે માસ્ક, ગમબુટ–ચપ્પલ, ગ્લોઝ વિગેરે સુરત મહાનગરપાલિકા દ્વારા નિયમિતપણે પુરા પાડવામાં આવતા હોવા છતાં કામગીરી દરમ્યાન કેટલાક કામદારો તેનો ઉપયોગ ન કરતા હોઈ, તમામ કામદારો સેફટીના સાધનો ઉપયોગ કરે તે માટે ઉપસ્થિત કામદાર યુનિયનના હોદ્દેદારો મંડળીઓના સભ્યો – આગેવાનનો સહકાર માંગ્યો.

TOP

## બી.પી.એમ.સી. એકટની કલમ ૨૬૪ મુજબ નોટીસ પાઠવી તે ઉતારવાની કામગીરીઃ–

સુરત શહેરના વોર્ડ નં. ૮ માં ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા પાસે આવેલ ડો. ચાંદાભાઈની ગલીમાં આવેલ નોંધ નં.૭૫૦/એ/૨, ૭૫૦/સી વાળી મિલ્કતમાં ભોંયતળીયું અને ચાર માળની પ્લાન સહિતની અરજી મિલકતનાં હીત ધરાવનારા શ્રી જુજરભાઈ સૈફીદ્દીન ડોકટરે રજુ કરેલ હતી. જેને સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૦૨/૦૫/૧૨ ના રોજ રજાચીઠ્ઠી આપી મંજુરી આપવામાં આવી હતી. આ મંજુર પ્લાન વિરુધ્ધ પાંચમાં માળનું વધારાનું બાંધકામ કરતાં તે બાંધકામ તા.૧૮/૦૫/૧૩ ના રોજ દુર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી. મિલ્કતદારે બાકીનું બાંધકામ પોતાના ખર્ચે અને જોખમે દુર કરવા બાંહેધરી લખી આપી હતી. લખી આપેલ બાંહેધરી મુજબ મિલ્કતદારને વારંવાર જણાવવામાં આવેલ હોવા છતાં તે દુર ન કરેલ હોવાથી ઝોનલ ચીફશ્રી અને સીટી ઈજનેરશ્રીન સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ આશરે ૧૮૩૦ ચો. ફુટમાં બનાવેલ પાંચમાં માળનું આર.સી.સી. બીમ, કોલમ અને સ્લેબ સહિતનું બાંધકામ સંપુર્ણ દુર કરવામાં આવેલ છે. સદર મિલ્કતનાં આર્કિ./એન્જિ. શ્રી મનિષ ડી. ગજજરને દિન–૭ માં લાયસન્સ રદ કેમ ન કરવું ? તે માટે તા.૦૪/૦૭/૧૩ થી કારણ દર્શક નોટીસ આપવામાં આવેલ છે.

(૨) સુરત શહેરના વોર્ડ નં.૮ માં ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા પાસે આવેલ ડો. ચાંદાભાઈની ગલીમાં આવેલ નોંધ નં.૭૬૭/૨, ૭૬૮ વાળી મિલ્કતમાં ભોંયતળીયું અને ત્રણ માળની પ્લાન સહિતની અરજી મિલ્કતનાં હીત ધરાવનારા શ્રીમતિ સકીના જુજરભાઈ ડોકટરએ રજુ કરેલ હતી. જેને સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૦૧/૧૧/૧૨ ના રોજ રજાચીઠ્ઠી આપી મંજૂરી આપવામાં આવી હતી. આ મંજૂર પ્લાન વિરુધ્ધ ચોથા અને પાંચમાં માળનું વધારાનું બાંધકામ કરતાં તા.૧૮/૦૫/૧૩ ના રોજ વધારાના માળનું બાંધકામ દુર કરવાની કાર્યવાહી કરી વધારાના પાંચમાં માળનો હિસ્સો દુર કરવામાં આવેલ હતો. મિલ્કતદારે બાકીનું વધારાનાં ચોથામાળનું બાંધકામ પોતાના ખર્ચે અને જોખમે દુર કરવા બાંહેધરી લખી આપી હતી. લખી આપેલ બાંહેધરી મુજબ મિલ્કતદારને વારંવાર જણાવવામાં આવેલ હોવા છતાં તે દુર ન કરેલ હોવાથી ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરરીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ આશરે ૬૪૫ ચો. ફુટમાં બનાવેલ ચોથા માળનું આર.સી.સી. બીમ, કોલમ અને સ્લેબ સહિતનું બાંધકામ સંપુર્ણ દુર કરવામાં આવેલ છે. સદર મિલ્કતનાં આર્કિ./એન્જિ. શ્રી મનિષ ડી. ગજજરને દિન–૭ માં લાયસન્સ રદ કેમ ન કરવું ? તે માટે તા.૦૪/૦૭/૧૩ થી કારણ દર્શક નોટીસ આપવામાં આવેલ છે.

(૩) સુરત શહેરના વોર્ડ નં.૩ માં આવેલ નવાપુરા, અમદાવાદી શેરી નં.૩ માં આવેલ નોંધ નં.૩૩૫૬ નાં ભાગે વાલ્મીકી ગલી તરફ પહેલા માળનો અમુક હિસ્સો તૂટી પડેલ હોવાની જાણ થતાં શહેર વિકાસ વિભાગનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને સ્થળ સ્થિતિ જોતાં મજકૂર મકાન ઘણા વર્ષો જુનું હતું. તેમજ એ ભોંયતળીયું અને ત્રણ માળનું હતું. જેનો બાકીનો હિસ્સો ગમે ત્યારે તૂટી પડે તેમ હોય, જાહેર જાનમાલને નુકશાન થાય તેમ જણાતું હતું. તેમજ આ મિલ્કતને લાગત નોંધ નં.૩૩૫૭ અને ૩૩૫૮ વાળી મિલ્કત પણ બિનવારસી ઘણા વર્ષો જુની અને ગમે ત્યારે તૂટી પડે એમ જણાનું હોવાથી આ ત્રણેય મિલ્કતનાં હીત ધરાવનારાઓ શ્રી ભગવાનદાસ રણછોડદાસ, શ્રી ડાહયાભાઈ મૂલચનભાઈ, શ્રી રતિલાલ વલ્લભરામ જરીવાલા વિગેરેને બી.પી.એમ.સી. એકટની કલમ ૨૬૪ મુજબ નોટીસ પાઠવી તે ઉતારવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

TOP

## ૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ કરવાનું આયોજનઃ–

**૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે** સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો વાવી સુરત હીરયાળુ સુરત બનાવવાના હેતુસર ચાલુ ચોમાસા દરમ્યાન હાલ **પ્રાથમિક તબકકે અંદાજે ૧ લાખ રોપાઓનું** વૃક્ષારોપણ કરવાનું આયોજન કરેલ.

સુરત શહેરના જે તે ઝોનમાં આવેલ **તમામ ૩૮ ઈલેકશન વોર્ડ વિસ્તારમાં** ખાનગી રહેણાંક સોસાયટીમાં આવેલ ખુલ્લા પ્લોટ /કોમન પ્લોટ તેમજ રસ્તાઓની ફરતે વધુમાં વધુ વૃક્ષારોપણ થાય તે હેતુથી **તા.૦૧/૦૭/૨૦૧૩** થી **તા.૦૮/૦૭/૨૦૧૩** સુધી વૃક્ષારોપણનો કાર્યક્રમ જે તે ઈલેકશન વોર્ડના મ્યુ. સભ્યશ્રીઓ, નગરજનો તથા વૃક્ષપ્રેમીઓ સાથે કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આજ તા.૦૬/૦૭/૧૩ ના રોજ નીચે જણાવેલ વિગતો મુજબ જે તે ઝોન વિસ્તારના ઈલેકશન વોર્ડ વિસ્તારમાં સંબંધિત મ્યુ.સભ્યશ્રીઓ તથા નગરજનો સાથે વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ.

| ઝોન/વોર્ડ નં. | હાજર રહેલ કોર્પોરેટરનું નામ | પ્લાન્ટેશન વિસ્તાર | વિના મૂલ્યે રોપા વિતરણ સંખ્યા | પ્લાન્ટેશન રોપા સંખ્યા | કુલ રોપા સંખ્યા |
|---|---|---|---|---|---|
| સેન્ટ્રલ | શ્રી અસદ ગુલામમુસ્તફાખાન કલ્યાણી | રૂસ્તમપુરા મેઈનરોડ સાઈડ, ભરૂચાવાડી, આરામ હોસ્પિટલ સામે | 41 | 18 | 59 |
| કતારગામ | મેયરશ્રી નિરંજનભાઈ બેચરભાઈ ઝાંઝમેરા<br>શ્રી પરસોત્તમભાઈ હિરજીભાઈ માંગુકિયા<br>શ્રીમતી ગીતાબેન હસમુખભાઈ પટેલ | પ્રાણનાથ હોસ્પિટલ તથા કુબેરનગર વિસ્તારમાં | 300 | 20 | 320 |
| ઉધના | શ્રી ધારાસભ્યશ્રી નરોતમભાઈ પટેલ<br>ડૉ. ઈ. કે. પાટીલ<br>શ્રી વિનોદભાઈ મોહનભાઈ પટેલ<br>શ્રી સોમનાથભાઈ રઘુનાથભાઈ મરાઠે<br>શ્રી દિનેશ જયંતિલાલ પટેલ | હરિનગર,પ્રમુખનગર | - | 12 | 120 |
| વરાછા | શ્રી દેવિકાબેન મુકુંદભાઈ જાદવાણી<br>શ્રી રાજેશકુમાર હરજીભાઈ જોળીયા<br>શ્રી સમીરભાઈ જેરામભાઈ બોધરા | શાળાનં. ૮૫, ૮૭, ડાહયાપાર્ક કરંજ, શાળાનં.૫૯ | 385 | 26 | 411 |
| કુલ (તા.૦૬/૦૭/૨૦૧૩ ના રોજ) | | | **726** | **184** | **910** |
| તા.૦૫/૦૭/૨૦૧૩ સુધીમાં થયેલ પ્લાન્ટેશનની વિગત | | | **19758** | **13786** | **33544** |
| આજદિન સુધી થયેલ કુલ પ્લાન્ટેશન | | | **20484** | **13970** | **34454** |

TOP

### પૂર્વ (વરાછા) ઝોનના કાપોદ્રા વિસ્તારમાં ડિમોલીશનની કામગીરીઃ–

અત્રેના પૂર્વ (વરાછા) ઝોનમાં આવેલ ટી.પી. ૧૬(કપાદ્રા) માં સ્પીનીંગ મીલની નજીક મંજૂર પુનરાવર્તીત વિકાસ નકશા મુજબ એસ–૭૪ હેઠળ નામાંકિત થયેલ ડી.પી.રોડ પર જવાહરનગર ઝુંપડપટ્ટી સ્થિત થયેલ છે. જે પૈકી આજ રોજ કાચા/ પાકા ૦૯ ઝુપડાઓ તથા સુચિત ડી.પી. રોડની અસર હેઠળના ફેકટરીના પાકા શેડ તોડીને તેમજ લારી–ગલ્લા તથા તંબુઓ જેવા અસ્થાયી દબાણો દુર કરીને આશરે ૧૦૦૦.૦૦ ચો. ફુટ જેટલો રતો પૈકીનો ભાગ ખુલ્લો કરવામાં આવેલ છે. ઉપરાંત ફા. પ્લોટ નં.૫૭ પૈકીમાં આવેલ સર્વોપરી સોસાયટીના સબ પ્લોટ નં.૧૫ ના માર્જીનવાળા ભાગમાં બાંધવામાં આવેલ પતરાનો શેડ તથા લોખંડનો ફેબ્રીકેટેડ દાદર તોડીને દુર કરવામાં આવેલ છે.

સદર ડિમોલીશનની કામગીરી પૂર્વ (વરાછા) ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ ઝોનના ડે. ઈજનેરશ્રીઓ તથા ટેકનીકલ સ્ટાફ ધ્વરા તેમજ સીકયુરીટી સ્ટાફની મદદસહ પૂર્ણ કરવામાં આવી છે.

TOP

### સાઉથ ઝોન (ઉધના) ના આરોગ્ય વિભાગના સ્ટાફ દ્વારા દુકાન/લારી/પાથરણા વાળા પર ચેકીંગની કામગીરીઃ–

સાઉથ ઝોન (ઉધના) ના આરોગ્ય વિભાગનાં બમરોલી વિસ્તારમાં આશાપુરી માર્કેટ, હરીધામ સોસાયટી, પત્રકાર કોલોની થી અલથાણ બ્રીજ, તથા ગોવાલક રોડ, હરીઓમ માર્કેટ વિસ્તારમાં તા.૦૬/૦૭/૨૦૧૩ નાં રોજ સાંજે ૫ઃ૩૦ થી ૮ઃ૦૦ કલાક સુધી ઉધના ઝોનના આરોગ્ય વિભાગના સ્ટાફ દ્વારા દુકાન/લારી/પાથરણા વાળા પર ચેકીંગ હાથધરી જાહેર જનતાના આરોગ્યને હાનીકારક તેવા સડેલા, બગડેલા, કહોવાય ગયેલા અખાદ્ય શાકભાજી, ફળ ફળાદી તથા માછલીનો કુલ– ૭૬૫ કિ.ગ્રા. જથ્થો જપ્ત કરી જંતુનાશક દવાનો છંટકાવ કરી ડીસ્પોઝલ સાઈટ પર નાશ કરાવેલ છે. તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટિક બેગ ૧૦ કિ.ગ્રા. જપ્ત કરેલ છે અને કુલ–૪૦ ઈસમો પાસેથી રૂા.૪૬૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

TOP

## પશ્ચિમ ઝોન (રાંદેર) હદ સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ બાંધકામોની સાઈટના બેઝમેન્ટ (ભોંયરા) માંથી બિલ્ડરો ધ્વારા પાણીના નિકાલ (પંપ આઉટ) કરવાની ચાલુ કરેલ ઉપરાંત પાલ ખાતે ટી.પી. ૧૦ નાં ગજેરા હાઈસ્કુલના બાંધકામમાંથી મળેલ મચ્છરના બ્રિડીંગ (પાણી પોરા) સબબ વસુલ લીધેલ વહીવટી ખર્ચની રકમ અંગેની અખબારી યાદીઃ–

ગત અઠવાડિયે મે. કમિશનરશ્રી ધ્વારા શહેરમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે કાબૂમાં રહે તે માટે કડક હાથે કામગીરી કરવા આદેશ કરવામાં આવેલ હોય. અત્રેના પશ્ચિમ ઝોન (રાંદેર) હદ સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ કુલ <u>૩૮</u> બાંધકામ ખાતે વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા બેઝમેન્ટ (ભોંયરા) ચેક કરી તેમાં ભરાયેલ પાણીના તાત્કાલિક નિકાલની કામગીરી કરાવતાં કુલ ૧૭ બાંધકામ ખાતેથી તાકિદે નિકાલ કરવામાં આવેલ છે. જયારે અન્ય <u>૨૧</u> બાંધકામની સાઈટ ઉપર પાણીના નિકાલની કામગીરી તાકિદના ધોરણે શરૂ કરવામાં આવેલ છે.

ઉપરાંત પાલ ટી.પી. ૧૦ ખાતે આવેલ ગજેરા હાઈસ્કુલના બાંધકામ ખાતે મચ્છરનું બ્રિડીંગ મળી આવતાં તેના નાશ કરવા ઉપરાંત <u>રૂ.૧૦૦૦૦/–</u> વહિવટી પરચુરણ ખર્ચની વસુલાત કરવા સહિત આજરોજ ન્યુસન્સ કર્તા ઈસમો સામે કુલ <u>રૂ. ૨૫૦૦૦/–</u> નો વહિવટી પરચુરણ ખર્ચ વસુલવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

આથી બાંધકામના સાઈટ હોલ્ડરોને સુચન કરવામાં આવે છે કે <u>માનનીય હાઈકોર્ટના પી.આઈ.એલ.૧૨૨/૨૦૧૧</u> ના ચુકાદાની દૈનિક વર્તમાન પત્રોમાં જાહેર થયેલ નોટિશ મુજબ અમલ કરવા અપીલ કરવામાં આવે છે.

TOP

## ૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ કરવાનું આયોજનઃ-

**૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે** સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો વાવી સુરત હીરયાળુ સુરત બનાવવાના હેતુસર ચાલુ ચોમાસા દરમ્યાન હાલ **પ્રાથમિક તબકકે અંદાજે ૧ લાખ રોપાઓનું** વૃક્ષારોપણ કરવાનું આયોજન કરેલ.

સુરત શહેરના જે તે ઝોનમાં આવેલ **તમામ ૩૮ ઈલેકશન વોર્ડ વિસ્તારમાં** ખાનગી રહેણાંક સોસાયટીમાં આવેલ ખુલ્લા પ્લોટ /કોમન પ્લોટ તેમજ રસ્તાઓની ફરતે વધુમાં વધુ વૃક્ષારોપણ થાય તે હેતુથી **તા.૦૧/૦૭/૨૦૧૩** થી **તા.૦૮/૦૭/૨૦૧૩** સુધી વૃક્ષારોપણનો કાર્યક્રમ જે તે ઈલેકશન વોર્ડના મ્યુ. સભ્યશ્રીઓ, નગરજનો તથા વૃક્ષપ્રેમીઓ સાથે કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આજ તા.૦૮/૦૭/૧૩ ના રોજ નીચે જણાવેલ વિગતો મુજબ જે તે ઝોન વિસ્તારના ઈલેકશન વોર્ડ વિસ્તારમાં સંબંધિત મ્યુ.સભ્યશ્રીઓ તથા નગરજનો સાથે વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ.

| ઝોન/વોર્ડ નં. | હાજર રહેલ કોર્પોરેટરનું નામ | પ્લાન્ટેશન વિસ્તાર | વિના મૂલ્યે રોપા વિતરણ સંખ્યા | પ્લાન્ટેશન રોપા સંખ્યા | કુલ રોપા સંખ્યા |
|---|---|---|---|---|---|
| વરાછા | મેરયશ્રી નિરંજન ઝાંઝમેરા,<br>ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા,<br>ધારાસભ્યશ્રી જનકભાઈ બગદાણાવાળા,<br>સભ્ય શ્રીમતી પ્રિતીબેન અશોકભાઈ પટેલ,<br>સભ્યશ્રી વિનોદકુમાર રણછોડભાઈ ગજેરા | મુકિતધામ સોસા. અર્ચના સ્કૂલની આગળ, સંસ્કારધામ સોસા. ખાડી મહોલ્લા સ્વામિનારાયણ મંદિર પાસે | 200 | 71 | 271 |
| કુલ (તા.૦૮/૦૭/૨૦૧૩ ના રોજ) | | | **200** | **71** | **271** |

વધુમાં વૃક્ષારોપણ કાર્યક્રમના આયોજન મુજબ તા.૦૧/૦૭/૧૩ થી તા.૦૮/૦૭/૧૩ દરમ્યાન શહેરના કુલ ૩૮ ઈલેકશન વોર્ડ વિસ્તારમાં મ્યુ. સભ્યશ્રીઓ અને ઈલેકશન વોર્ડ વિસ્તારના સામાજીક કાર્યકરો મારફત ઝોન વાઈઝ થયેલ પ્લાન્ટેશન અને વિનામૂલ્યે રોપા વિતરણની વિગત નીચે મુજબ છે.

| ઝોનનું નામ | વિના મૂલ્યે રોપા વિતરણ કરી નગરજનો મારફત કરેલ કુલ વૃક્ષારોપણ | મ્યુ. સભ્યશ્રીઓ અને ઈલેકશન વોર્ડ વિસ્તારના સામાજીક કાર્યકરો મારફત થયેલ કુલ વૃક્ષારોપણ | કુલ વૃક્ષારોપણ |
|---|---|---|---|
| સેન્ટ્રલ | 420 | 298 | 700 |
| રાંદેર | 760 | 558 | 1318 |
| અઠવા | 862 | 1098 | 1960 |
| કતારગામ | 2413 | 672 | 3085 |
| ઉધના | 980 | 685 | 1665 |
| લીંબાયત | 4549 | 626 | 5175 |
| વરાછા | 3494 | 667 | 4161 |
| કુલ | 13460 | 4604 | 18064 |

TOP

## ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રી સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ બાંધકામને લગતી નોટીસઃ–

ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રી સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૧ માં કાજીનું મેદાન, ગોપીપુરામાં આવેલ નોંધ નં.૩૧૬૦,૩૧૬૧, ૩૧૬૨ પૈકી વાળી મિલ્કતમાં ભોંયતળીયું અને ત્રણ માળની પ્લાન સહિતની અરજી મિલ્કતનાં હીત ધરાવનારા શ્રી અનીસભાઈ ખાલીદહુસૈન હકીમએ રજુ કરેલ હતી. જેને સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૦૪/૦૭/૧૨ ના રોજ રજાચીઠ્ઠી આપી મંજુરી આપવામાં આવી હતી. આ મંજૂર પ્લાન વિરુધ્ધ બેઝમેન્ટ તેમજ ચોથા અને પાંચમાં માળનું વધારાનું બાંધકામ કરતાં મિલકતદારને અત્રેથી તા.૨૩/૧૦/૧૨ થી મનાઈ હુકમ આપવામાં આવેલ તેમજ તા.૧૫/૧૨/૧૨ થી કારણ દર્શક નોટીસ આપવામાં આવેલ તથા તા.૩૦/૦૧/૧૩ થી દિન–૩ માં ગેકા. બાંધકામ દુર કરવા અત્રેથી તાકિદનો પત્ર આપવામાં આવેલ, તેમ છતાં સદરહું મિલ્કતમાં ગે.કા. બાંધકામ ચાલુ રાખતા અત્રેથી તા.૦૮/૦૭/૧૩ થી એન્ટ્રી નોટીસ આપી ચોથામાળનું ૨૧૫૦ ચો. ફુટનું સ્લેબ/બીમ/કોલમ સહિતનું વધારાનું બાંધકામ દુર કરવામાં આવેલ છે. વધુમાં સદર મિલ્કતનાં આર્કિ./એન્જિ.શ્રી મનિષ ડી. ગજજરને દિન–૭ માં લાયસન્સ રદ કેમ ન કરવું ? તે માટે તા.૦૫/૦૭/૧૩ થી કારણ દર્શક નોટીસ આપવામાં આવેલ છે.

TOP

## ગેરકાયદેસર બાંધકામ પશ્ચિમ ઝોન (રાંદેર) કચેરીના શહેર વિકાસ ખાતાના તથા દબાણ વિભાગના સ્ટાફ તથા સાઉથ ઝોન (ઉધના) ના સ્ટાફ દૂર કરવાની કામગીરીઃ–

ટી.પી. સ્કીમ નં.૪૫ (જહાંગીરપુરા–પીસાદ), ફા. પ્લોટ નં.૪૭ (પ્રિલીમનરી) માં આવેલ સમર્પણ બંગ્લોઝ વાળી મિલકતમાં સબ પ્લોટ નં. ૧ થી ૭ ના રેસીડન્સના હેતુ માટે અત્રેના ઝોન દ્વારા પ્લાન મંજૂર કરવામાં આવેલ. જે સંદર્ભે સ્થળ પર સંબંધિત ઓર્ગેનાઈઝર દ્વારા મંજૂર પ્લાન વિરૂધ્ધ રોડ સાઈડે તેમજ પાછળની બાજુએ માર્જીનમાં બાંધકામ કરવામાં આવતાં, અત્રેના ઝોન દ્વારા અવાર–નવાર શટરીંગ ખોલાવી ગેરકાયદેસર બાંધકામ અટકાવવામાં આવેલ, પરંતુ બાંધકામ ચાલુ રાખી અત્રેના ઝોન દ્વારા કારણદર્શક નોટીસ તથા મનાઈ હુકમ નોટીસ આપી ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા જણાવેલ, જેના સંદર્ભે તમોએ સદરહુ બાંધકામ સ્વૈચ્છિક રીતે દૂર કરવા બાંહેધરી આપેલ તેમ છતાં તેઓએ સદરહુ બાંધકામ તેઓ દ્વારા સમયમર્યાદામાં દૂર કરવામાં નહી આવતાં, આજરોજ સબ પ્લોટ નં.૧,૨૪,૫,૬ માં માર્જીનમાં કરવામાં આવેલ આશરે ૨૫૦૦ ચો. ફૂટ જેટલું ગેરકાયદેસર બાંધકામ અત્રેની પશ્ચિમ ઝોન (રાંદેર) કચેરીના શહેર વિકાસ ખાતાના તથા દબાણ વિભાગના સ્ટાફ તથા સાઉથ ઝોન (ઉધના) ના સ્ટાફ ધ્વારા તા.૦૯/૦૭/૨૦૧૩ ના રોજ દુર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી એડી. સીટી ઈજનેરશ્રીની સૂચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્ચિમ ઝોન (રાંદેર) ના સ્ટાફ ધ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

## ધંધાકીય એકમોમાં પ્રોફેશનલ ટેક્ષ, મ્યુ. વેરાબીલ, ગુમાસ્તા નોંધણી તેમજ શહેર વિકાસ વિભાગના નિયમોનો અમલીકરણનું ચેકીંગની કામગીરીઃ–

આથી જણાવવાનુ કે, ડે. કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) અને સીટી ઈજનેરશ્રી ની સુચના તથા સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૨/૧૯૫૭ પૈકી શંખેશ્વર કોમ્પલેક્ષ, મજુરાગેટ, સુરત ખાતેની મિલકતમાં આરોગ્યલક્ષી જુદીજુદી ખામીઓ બાબતે મિલકતના બિલ્ડરશ્રી વિજયભાઈ સી. શાહ તથા અન્ય વહીવટકર્તા/પ્રમુખ/સેક્રેટરી ને અત્રેથી વારંવાર લેખિતમાં નોટીસો આપવા છતાં તેઓ તરફથી નિષ્ક્રીયતા દર્શાવી કોઈપણ પ્રકારની ખામીઓ દુરસ્ત કરેલ નથી. જેથી તા.૦૨/૦૭/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન તરફથી શંખેશ્વર ૧/૨' ના ૧૪ કનેકશનો કાપી નાંખવામાં આવેલા છે તથા ઝોનના વી.બી.ડી.સી. વિભાગ તરફથી પ્રાઈમરી હેલ્થ વર્કરોની ટીમ ઉતારી સર્વે કરી જુદીજુદી જગ્યાએ મચ્છરની ઉત્પત્તિના સ્થાનો શોધી કાઢી કુલ–૦૯ નોટીસો પાઠવવામાં આવેલ છે તથા આરોગ્યમાં દર્શાવવામાં આવતી બેદરકારી બદલ કુલ–૩૯ ફરીયાદ મ્યુ. કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે તથા સદર મિલકતના વહીવટકર્તાઓશ્રી પાસેથી રૂા.૭૪,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ.

ઉપરોકત હકીકત જેવુ બીજુ એક ''મેગા અભિયાન'' આજે તા.૦૯/૦૭/૨૦૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોનના રેલ્વે સ્ટેશનની સામે આવેલ ''ઓમકાર ચેમ્બર્સ બિલ્ડીંગ ખાતે કરવામાં આવેલ. સદર બિલ્ડીંગ આઠ માળની ''સી'' આકારની બહુમાળી કોમર્શીયલ બિલ્ડીંગ છે અને સદર બિલ્ડીંગમાં આવેલ ટોઈલેટો, બાથરૂમ અને ચોકડીઓનો ડાઉનટેક પાઈપ તુટી ગયેલ હોવાથી તથા ઈન્સપેકશનના સાધનો ન હોવાને કારણે વપરાશનું મેલુ અને ગંદુપાણી ભુગર્ભ ગટરમાં ન જતાં બિલ્ડીંગની સર્વિસગલીમાં વહી ગંદકી થાય છે તથા મિલકતના ડ્રેનેજ ચેમ્બરો તુટેલા છે તેના પર ઢાંકણો નથી. ચેમ્બરો તુટેલા છે. સદર ચેમ્બરોમાં એઠવાડ, કચરો, પ્લાસ્ટીક, કાગળો, રેપરો વિગેરે નાંખી ડ્રેનેજ લાઈન ચોકઅપ થાય છે તથા સર્વિસગલીમાં મોટા પ્રમાણમાં કચરો નાંખવામાં આવે છે. નકામો કાટમાળ માલસામાન, છારૂ વિગેરે નાંખી ગંદકી કરવામાં આવેલ છે તથા સર્વિસગલીમાં કેટલો ભાગ કવર્ડ કરી હરહંમેશ માટે બંધ કરી દેવામાં આવેલ છે. જેને કારણે આરોગ્ય વિષયક કામગીરી કરી શકાતી નથી. સદર બિલ્ડીંગમાં થતી ગંદકી બાબતે ભયંકર રોગચાળો ફેલાવવાની શકયતા અને સંભાવના જણાતા મિલકતના વહીવટકર્તાઓને વારંવારં નોટીસો આપવા છતાં તેઓ તરફથી આવી નોટીસોનો અમલ કરવા માટે બેદરકારી દર્શાવવામાં આવેલ છે અને છેવટના પગલા તરીકે સીટી ઈજનેરશ્રી અને ઝોનલ ચીફશ્રી (સેન્ટ્રલ ઝોન) આદેશ મુજબ સદર બહુમાળી બિલ્ડીંગને પાણી તથા ગટર જેવી સુવિધાથી વંચિત રાખવાનું નકકી કરેલ તે મુજબ સેન્ટ્રલ ઝોન તરફથી ૧/૨' ના ૧૧ કનેકશનો તથા ૩/૪' ના ૦૧ પાણીના કનેકશન તાત્કાલિક ધોરણે કાપવામાં આવેલ છે તથા વહીવટકર્તાઓ સામે મ્યુ. કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે તે સિવાય સદર બિલ્ડીંગમાં આવેલ તમામ ધંધાકીય એકમોમાં પ્રોફેશનલ ટેક્ષ, મ્યુ. વેરાબીલ, ગુમાસ્તા નોંધણી તેમજ શહેર વિકાસ વિભાગના નિયમોનો અમલીકરણ વિગેરે બાબતે પણ ચેકીંગ હાથ ધરવામાં આવનાર છે.

TOP

## સીંગણપોર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં મૃત્યુ પામેલ ત્રણ વ્યકિતના પરિવારોને સહાયઃ–

આજરોજ તા.૦૯/૦૭/૧૩ ના રોજ સીંગણપોર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ચાર માણસો ફસાયા હતા જે પૈકી ત્રણ વ્યકિતઓના મૃત્યુ થયેલ આ તમામે તમામ મૃતકોના પરિવારોને મેયર્સફંડ માંથી રૂપિયા એક લાખ સહાય ચુકવવાનું મા. મેયરશ્રીએ મંજૂર કરેલ છે અને જે આઈ.સી.યુ. માં દાખલ થયેલ વ્યકિતને મા. મેયરશ્રી, મા. ડે. મેયરશ્રી, અને સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીએ રૂબરૂ મુલાકાત લઈ તે જલ્દી સાજા થાય તેવી શુભેચ્છા વ્યકત કરી છે.

TOP

## પી.એફ.એ. એકટ હેઠળ નામદાર સુરત મ્યુનિસિપલ કોર્ટે આપેલ ચુકાદોઃ–

ફુડ વિભાગનાં ફુડ ઈન્સપેકટર/ફુડ સેફટી ઓફિસર શ્રી ડી. ડી. ઠાકોરે તા.૧૦/૦૩/૨૦૧૩ ના રોજ બ્લોક નં.૨૪૮, શેરી નં.૯, ઘનશ્યામનગર, કરંજ, વરાછા, સુરતનાં સ્થળે આવેલ શ્રીધર ડેરી (સૌરાષ્ટ્ર) નામની સંસ્થામાંથી સંસ્થાના માલિક શ્રી દામજીભાઈ દેવરાજભાઈ સાવલીયા પાસેથી પી.એફ.એ. એકટ હેઠળ 'ઘી' નાં નમુનાઓ લઈ પૃથ્થકકરણ માટે પબ્લીક એનાલીસ્ટશ્રી, સુરત મહાનગપાલિકાને મોકલવામાં આવેલ. તે અંગે પબ્લીક એનાલીસ્ટશ્રીનાં આવેલ રીપોર્ટ મુજબ સદર નમુના ભળસેળવાળા માલમ પડતાં સુરત મહાનગરપાલિકાનાં ડેપ્યુટી કમિશનર (હેલ્થ અને હોસ્પિટલ) અને લોકલ હેલ્થ ઓથોરીટીશ્રી ડો.આઈ. સી. પટેલ સાહેબની તા.૨૩/૦૬/૨૦૦૩ ની મંજૂરીથી નામદાર મ્યુનિ. કોર્ટમાં પી.એફ.એ. કેસ નં.૧૧/૨૦૦૩ તથા ૧૨/૨૦૦૩ તા.૨૪/૦૬/૨૦૦૩ થી જવાબદાર ઈસમ સામે કેસ દાખલ કરવામાં આવેલ.

સદર કેસ નામદાર મ્યુનિ. કોર્ટમાં ચાલતા, જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) શ્રી એચ.જે. ઠાકર સાહેબે તા.૨૭/૦૬/૨૦૧૩ નાં રોજ આપેલ ચુકાદા મુજબ ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૪૮(૨) અન્વયે આ કામનાં આરોપી શ્રી દામજીભાઈ દેવરાજભાઈ સાવલીયાને પી.એફ.એ. એકટની સને ૧૯૫૪ની કલમ–૨(ia)(m), ૨(ia)(j), ૭(૧) અને ૧૬ ની સાથે વાંચતા સજા પાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવી આરોપીને બન્ને કેસોમાં એક–એક વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૫,૦૦૦–૫,૦૦૦/– નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરેતો વધુ એક–એક માસની સાદી કેદની સથા ભોગવવાનો હુકમ કરવામાં આવેલ છે. તેમજ બન્ને કેસની સજા એક સાથે ભોગવવાની તથા દંડ અલગ અલગ ભરવાનો હુકમ કરેલ છે.

TOP

## સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન તેમજ નાયબ આરોગ્ય અધિકારીશ્રીને સીધા સુપરવિઝન હેઠળ જુદાં જુદાં વિસ્તારમાં ન્યુસન્સ ફેલાવતાં ઈસમોની સ્થળ ઉપરની ન્યુસન્સ પ્રવૃત્તિ અટકાવી જનજાગૃતિ અભિયાનઃ–

સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન તેમજ નાયબ આરોગ્ય અધિકારીશ્રીને સીધા સુપરવિઝન હેઠળ લિંબાયત ઝોનનાં આરોગ્ય સ્ટાફ ધ્વારા ઝોનમાં જુદાં જુદાં વિસ્તારમાં ન્યુસન્સ ફેલાવતાં ઈસમોની સ્થળ ઉપરની ન્યુસન્સ પ્રવૃત્તિ અટકાવી સુરત મહાનગરપાલિકાનાં સ્વચ્છતાં જાળવવાનાં પ્રયાસોમાં સહભાગી બનવા પ્રોત્સાહિત કરવા આજરોજ ફરી જનજાગૃતિ અભિયાન અમલમાં મુકવામાં આવેલ હતું.

સાઉથ ઈસ્ટ લિંબાયત ઝોનની જુદી જુદી વિભાગીય કચેરીનાં કાર્યક્ષેત્રમાં આવેલ મુખ્યમાર્ગ જેવાં કે, ડીંડોલી ગામ મહાદેવનગર ૧,૨,૩,૪ તેમજ આંજણા ડુંભાલમાં આવેલ ફુલવાડી કંપાઉન્ડમાં મોમીન ઈન્ડસ્ટ્રીઝ, જય ઈન્ડસ્ટ્રીઝ વિભાગ ૧ અને ૨, અબ્દુલ ગની દરગાહ રોડ વિગેરે વિસ્તારમાં આવેલ જુદી જુદી ખાદ્ય–અખાદ્ય સંસ્થાઓ તેમજ જુદાં જુદાં ધંધો કરતી આવેલ સંસ્થાની સામે તેમનાં ધ્વારા નાંખવામાં આવેલ ધંધાકીય કચરો તમેજ ઈન્ડસ્ટ્રીઝમાં આવેલ સંસ્થાના કચરો, કાગળ, પ્લાસ્ટીક નાંખી ગંદકી કરતાં તમામ સંસ્થાના કુલ ૭૮ ઈસમો રૂા.૩૨,૮૦૦/– નો વહીવટી ચાર્જ તેમજ ૧૭ કિલોગ્રામ અખાદ્ય પદાર્થનો નાશ કરી કુલ ૨૭ ઈસમોને નોટીસ પાઠવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

દરેક સંસ્થાના માલિકોને ધંધાકીય કચરો, કાગળ, પ્લાસ્ટીક સરિયામ રસ્તા ઉપર નાંખી સુરત શહેરની સ્વચ્છતા રાખવા માટે સહકાર આપવા માટેની સમજ આપવામાં આવેલ છે.

વધુમાં અત્રેનાં વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ભાઠેનાં વિસ્તારમાં આવેલ બાંધકામ તથા ખુલ્લાં પ્લોટોમાં પાણી ભરાવા સબબ રૂા.૬,૮૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે તેમજ તેમનાં ધ્વારા ખુલ્લી ટાંકીઓ મુકી રાખતા ઈસમો સામે સખત કાર્યવાહી કરી નવાગામ ડીંડોલી વિસ્તારમાંથી કુલ ૭ સીન્ટેક ટાંકીઓ જપ્ત કરવામાં આવેલી છે.

આ બંન્ને કામગીરી દરમ્યાન કુલ રૂા.૪૯,૬૦૦/– નો વહીવટી ચાર્જ તેમજ કુલ ૨૭ ઈસમોને નોટીસ પાઠવવામાં આવેલ છે.

TOP

## પશ્ચિમ ઝોન(રાંદેર) દ્વારા ગેરકાયદેસર બાંધકામ તોડી પાડી રૂા.૫૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસૂલાતઃ–

પશ્ચિમ ઝોન(રાંદેર) દ્વારા આજરોજ(તા.૧૦/૦૭/૨૦૧૩) ટી.પી.સ્કીમ નં.૦૮(પાલનપોર), બ્લોક નં.૬૪, ફા.પ્લોટ નં.૩૫, દર્શન સોસાયટી, પાલનપુર રોડ, વાળી મિલ્કતમાં સબ પ્લોટ નં.૫૫, ૫૬માં સુરત મહાનગરપાલિકાની કોઈપણ જાતની પરવાનગી વગર કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે મિલ્કતદારને અત્રેથી કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ તેની અમલવારી ન કરતાં ત્રીજાના માળનું આર.સી.સી. બીમ, કોલમ, સ્લેબ ભરી, બારી–બારણાનાં ચોકઠાં બેસાડી ચણતર પ્લાસ્ટર કરી ફલોરીંગ બેસાડવા સહિતનું આશરે ૧૬૫૦ ચો.ફૂટ જેટલું ગેરકાયદેસર બાંધકામ તોડી પાડી રૂા.૫૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી એડી. સીટી ઈજનેરશ્રીની સૂચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્ચિમ ઝોન (રાંદેર) ના દબાણ , સીકયુરીટી સ્ટાફ ધ્વારા સફળતાપૂવર્ક પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

## માહે જૂન ૨૦૧૩ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલઃ–

સ્મીમેર હોસ્પીટલમાં માહે જુન ૨૦૧૩ દરમ્યાન ૩૫૧૨ ઈન્ડોર તથા ૩૫૯૬૦ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૨૮૬૯ તથા ૫૩૯ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૭૮૨૩ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૫૧૬ અને જુના ૧૫૨૫ દર્દીઓ સહીત કુલ ૨૦૪૧ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૨૧૫ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૦૭૨ તથા આંખ વિભાગમાં ૨૫૪૪ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૨૨૭૭ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો લાભ મેળવી રહયા છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા વર્ષાના આગમનને વધાવવા તા.૧૨/૦૭/૨૦૧૩ ના રોજ વર્ષાગીત સ્પર્ધાનું આયોજનઃ–

સુરત મહાનગરપાલિકા ધ્વારા વર્ષાના આગમનને વધાવવા તા.૧૨/૦૭/૨૦૧૩ ને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ કલાકે માધ્યમિક વિભાગની અને બપોરે ૧૨.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધાનું આયોજન સુરત મહાનગરપાલિકા કોમ્યુનિટી હોલ, સુર્યપુર સોસાયટીની બાજુમા, દિવાળીબાગ, ઋષભ ચાર રસ્તા, રાંદેર રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. જેમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## મેલેરીયા–ડેંગ્યું–ચીકનગુનીયા વિરોધી માસ ''અંતર્ગત યોજાયેલ ચિત્ર/કવીઝ/નિંબધ સ્પર્ધા :–

ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ દર વર્ષની જેમ આ વર્ષે પણ સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન, વીબીડીસી વિભાગ ધ્વારા જુન–જુલાઈ–૨૦૧૩ **''મેલેરીયા–ડેંગ્યું–ચીકનગુનિયા વિરોધી માસ''** અંતર્ગત સેન્ટ્રલ ઝોન વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં મચ્છર, તેનું જીવનચક્ર, તેની ઉત્પત્તિ, તેનાથી ફેલાતા રોગો અને તેના અટકાયત માટેના પગલા બાબતે જરૂરી સમજણ કેળવાય તે હેતુસર સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ શાળાઓના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીઓ વચ્ચે તા.૦૯/૦૭/૨૦૩ ના રોજ સુરત મહાનગરપાલિકા કમ્યુનિટીહોલ, કડીવાલા અને બૂનકી હેલ્થ સેન્ટરની સામે, રૂસ્તમપુરા ખાતે ''મેલેરીયા–ડેંગ્યુ–ચીકનગુનિયા વિષયક ''ચિત્ર સ્પર્ધા'' અને તા.૧૦/૦૭/૨૦૧૩ ના રોજ સ્વ. સી.બી.કે. અને સ્વ.એલ.બી. કાપડીયા (પ્રોપરાઈટરી) માધ્યમીક શાળા, બુંદેલાવાડ ખાતે ''મેલેરીયરીયા–ડેંગ્યુ–ચીકનગુનિયા વિષયક ''કવીઝ'' અને ''નિબંધ સ્પર્ધા'' નુ સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારની કુલ **૩૪** શાળાઓના કુલ **૨૩૧** વિદ્યાર્થી/વિદ્યાર્થીઓએ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સુરત મહાનગરપાલિકાનો હેતુ આ સ્પર્ધા દરમ્યાન ખૂબ જ સારી રીતે સાર્થક થયો હતો. સદર સ્પર્ધાઓ પૈકી દરેક સ્પર્ધામાં સારૂ પ્રદર્શન કરનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતિય ઈનામ સુરત મહાનગરપાલિકા તરફથી આપવામાં આવનાર છે.

ઉપર મુજબની સ્પર્ધાના આયોજન માટે સ્વ સી.બી. કે. અને સ્વ. એલ. સી. કાપડીયા (પ્રોપરાઈટરી) માધ્યમીક શાળા, બુંદેલાવાડના આચાર્યશ્રી અને તેમની ટીમનો ખુબ સારો સહકાર સુરત મહાનગરપાલિકાને સાપડયો હતો.

તમામ સ્પર્ધાઓ સેન્ટ્રલઝોનના આસી. જંતુનાશક અધિકારીશ્રી એન.બી. સુથારના સીધા માર્ગદર્શન અને સુપરવીઝન હેઠળ યોજવામાં આવી હતી.

TOP

## ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રી સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ વધારાનું બાંધકામ દુર કરવાની કામગીરીઃ–

ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રી સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૨ માં સુરમ વાડ રૂસ્તમપુરામાં આવેલ નોંધ નં.૫૯૮ વાળી મિલ્કતમાં ભોંયતળિયું અને ત્રણ માળની પ્લાન સહિતની અરજી મિલ્કતનાં હીત ધરાવનારા શ્રી અશોકકુમાર જયન્તિલાલ કડિયા એ રજુ કરેલ હતી. જેને સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૦૬/૦૩/૧૩ ના રોજ રજાચીઠ્ઠી આપી મંજુરી આપવામાં આવી હતી. આ મંજુર પ્લાન વિરુધ્ધ ચોથા માળનું વધારાનું બાંધકામ કરતાં મિલ્કતદારને અત્રેથી તા.૨૬/૦૬/૧૩ થી મનાઈ હુકુમ તેમજ કારણ દર્શક નોટીસ આપવામાં આવેલ, તેમ છતાં સદરહું મિલ્કતમાં ગે.કા. બાંધકામ ચાલુ રાખતા અત્રેથી તા.૧૦/૦૭/૧૩ થી એન્ટ્રી નોટીસ આપી ચોથામાળનું ૪૦૦ ચો.ફુટનું સ્લેબ/બીમ/કોલમ સહિતનું વધારાનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

TOP